રેશનકાર્ડ માટે લોકોને આજે પણ ધરમ ધક્કા ખાવા પડે છે

ઝોનલ ઓફિસર ન હોવાથી કચેરી સંપૂર્ણ ચાર્જમાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના અગ્રણીઓ દ્વારા એક ફરિયાદ ઉઠવા પામી છે કે, રેશનકાર્ડ માટે આજેય લોકોને ધરમધક્કા ખાવા પડે છે. સામાન્ય જીવન જીવતા ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગના લોકોને રેશનકાર્ડ ન મળતા અનાજ અને રેશનની અન્ય વસ્તુઓથી વંચિત રહી જાય છે.

સરકાર દ્વારા સામાન્ય ગરીબ અને મધ્યમવર્ગ માટે રેશનકાર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. રેશનકાર્ડ દ્વારા લાભાર્થીઓ અનાજ, કેરોસિન વગેરે જરૂરી પ્રમાણમાં મેળવી શકે છે. નવા રેશનકાર્ડ માટે સરકાર દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. લાભાર્થીઓ રેશનકાર્ડ માટે કચેરીએ આવે છે ત્યારે અગાઉ નોંધાયેલો કોઈ ડેટા મળતો નથી. નવેસરથી માહિતી આપવી પડે છે. કાર્ડ ખોવી નાખ્યા હોવાની પણ ફરિયાદો મળી છે. કમ્પ્યૂટરમાં જરૂરી ડેટા ન મળતા લોકોને ધરમધક્કો પડે છે.

પ્રાપ્ત સૂત્રો અનુસાર મળેલી માહિતી પ્રમાણે કચેરીમાં ઝોનલ ઓફીસર જ નથી. ઝોનલ ઓફિસ ચાર્જમાં ચાલે છે. જવાબદાર અધિકારી ન હોવાથી નાગરિકોને યોગ્ય જવાબ મળતો નથી. નિયત સમયમાં કામગીરી થતી નથી અને ક્યારેક કર્મચારીઓ સાથે ચડસા-ચડસીના પણ બનાવો બને છે. સામાન્ય નાગરિકને યોગ્ય સમયમાં રેશનકાર્ડ મળી રહે તેવી તંત્ર વ્યવસ્થા ગોઠવે તેવું સૌ પ્રજાજનોની લાગણી તથા માંગણી છે.

સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ ૧૪મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

શ્રી ચોસઠ જોગણી શકિતપીઠ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ને ગુરુવારે બહુચરાજી નજીક ગામ વાલેવડા ખાતે સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન યોજાશે.

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ગામ વાવેલડા-નાવિયાણી ખાતેના શ્રી ચોસઠ જોગણી શકિતપીઠ ભકિત આશ્રમે ૧૪મી ફેબ્રુઆરીને વસંત પંચમીએ સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવ યોજાશે.

આ સમૂહ લગ્નોત્સવમાં આ વિસ્તારના આર્થિક રીતે નબળા વર્ગના ૭૮ નવ દંપત્તિઓ પ્રભુતામાં પગલા પાડશે. શ્રી ચોસઠ જોગણી શકિતપીઠ, દાતાશ્રીઓ, નવ દંપતિના માતા-પિતા અને આયોજન સેવા સમિતિઓ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનો નવદંપતિઓને આશીર્વાદ આપવા પધારશે એમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયેન્દ્રભાઈ પ્રજાપતિએ ખાસ જણાવ્યું છે.

મોજશોખ માટે બાઈક ચોરતાં પેથાપુરના બે ટાબરીયા ઝડપાયા

સે. ૨૮ના બગીચા સામે પાર્કિંગમાંથી બે બાઈકની ઉઠાંતરી કરી હતી : બંને બાઈક રીકવર કરી ટાબરીયાઓની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૦

પેથાપુર ગામના બે ટાબરીયા માત્ર મોજશોખ માટે સે. ૨૮ના બગીચા બહાર ખુલ્લા પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી કરતાં ઝડપાઈ ગયા છે. ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ગઈકાલે પ્રેસસર્કલ પાસેથી બન્ને ટાબરીયાઓને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. બન્ને ટાબરીયાએ મળીને બે બાઈકો ઉઠાવ્યા હોવાની કબુલાત પોલીસ સમક્ષ કરતાં પોલીસે બન્નેની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. એસ.જી.પરમારને બાતમી મળી હતી કે બે શખ્સો ચોરીના બાઈકો સાથે ઘ-માર્ગ પરથી પસાર થવાના છે. જેને આધારે એલ.સી.બી.ની ટીમ ગઈકાલે પ્રેસ સર્કલ ઘ-૭ પાસે વોચ પર ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમીવાળા નંબરની બાઈક ત્યાંથી પસાર થતાં ઉભી રખાવીને કડક પુછપરછ હાથ ધરી હતી. બાઈકના દસ્તાવેજોની માંગણી કરતાં તેના જવાબ આપવામાં બન્ને જણાં થોથવાઈ ગયા હતાં. ઈન્ટ્રોગેશન કરતાં પેથાપુરના સગીર વયના બન્ને ટાબરીયા હોવાનું બહાર આવ્યું છે. ટાબરીયાઓએ માત્ર મોજશોખ માટે બાઈક ચોરી કરતાં હોવાની કબુલાત કરી છે. ૧૭ ડિસેમ્બરના રોજ તેમણે સે. ૨૮ના બગીચા પાસેથી જીજે-૧૮-એ.એસ.-૫૪૬૮ નંબરનું બાઈક ચોર્યું હતું અને ચાર દિવસ અગાઉ તે જ સ્થળેથી જીજે-૧૮ એસ. બી. ૨૬૩૭ નંબરનું હોન્ડા સાઈન બાઈક ચોરી કરીને ભાગ્યા હતા. ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ચોરીના બન્ને બાઈક કબ્જે કરી બન્ને ટાબરીયાઓની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

સરગાસણમાં ત્રાટકેલા તસ્કરોએ મહાકાળી મંદિરને નિશાન બનાવ્યુ

મુખ્ય જાળીનું તાળુ ન તુટતા પાછળની જાળી તોડીને મંદિરની દાનપેટીમાંથી તસ્કરો રોકડા ઉઠાવી ગયા



(તસવીર : નિકેશ બારોટ)

ગાંધીનગર, તા. ૧૦

શહેરને અડીને આવેલા સરગાસણ ગામમાં સ્થિત મહાકાળી માતાજીના મંદિરને ગત રાત્રીએ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મંદિરની મુખ્ય જાળીનું તાળુ તોડવાના પ્રયાસ બાદ પણ જાળી ન ખુલતા પાછળની જાળી તોડીને ઘુસેલા તસ્કરો મંદિરની દાનપેટી તોડી તેમાંથી રોકડ દાન ચોરી પલાયન થઈ ગયા હતા. સવારે પૂજા-અર્ચના માટે આવેલા પુજારીનું ધ્યાન તુટેલા તાળા પર પડતા ઘરફોડની જાણ થઈ હતી. જો કે મંદિરમાં થયેલી ઘરફોડ ચોરી અંગે પોલીસ ફરીયાદ કરવાનું ટાળવામાં આવ્યું હતું.

ગાંધીનગર નજીકના સરગાસણ ગામમાં મહાકાળી માતાના મંદિરમાં તસ્કરો ત્રાટક્યા હતા. રાત્રે ત્રાટકેલા તસ્કરોએ મંદિરની મુખ્ય જાળીનું તાળુ તોડી મંદિરમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ જાળી ન ખુલતા પાછળની જાળીનું તાળુ તોડી મંદિરમાં તસ્કરો ઘુસ્યા હતા. મંદિરમાં મુકાયેલી દાનપેટીને તોડીને તેમાં પડેલું રોકડ દાન અંદાજે રૂ. ૩ હજારની ચોરી કરીને તસ્કરો મંદિરમાંથી નીકળી ગયા હતા. વહેલી પરોઢે બાજુની ઓરડીમાં રહેતા મંદિરના પુજારી પુજા માટે મંદિરે ગયા ત્યારે મંદિરના બન્ને જાળીના તાળા તુટેલા હતા અને દાનપેટી પણ તુટેલી હતી તસ્કરો મંદિરમાં હાથ સાફ કરી ગયા હોવાનો અંદાજ આવી જતાં પુજારીએ ગ્રામજનોને આ અંગે જાણ કરી હતી.

જો કે મંદિરના સંચાલકો દ્વારા આ બનાવ અંગે પોલીસ ફરીયાદ કરવાનું ટાળવામાં આવ્યું હતું. ગ્રામજનોના જણાવ્યા મુજબ સતત ત્રણ દિવસથી તેમના ગામમાં ઘરફોડીયાઓની ટોળકી આવે છે. કોઈના ઘરે પથ્થર નાંખીને ભાગી જાય છે તો ક્યાંક ચોરી કરવા જતાં મકાનમાલીકના જાગી જવાથી તેઓએ ભાગવુ પડે છે.

દાનપેટી ચોર્યા બાદ તસ્કરોએ બાજુના ગલ્લામાં હાથ સાફ કર્યો

મંદિરમાંથી દાનપેટી તોડીને તેમાથી રોકડ દાન ચોરી ભાગેલા તસ્કરોએ મંદિર નજીકના એક પાન-બીડીના ગલ્લાને નિશાન બનાવ્યો હતો. ગલ્લાના બે તાળા તોડીને તેમાંથી રોકડ રૂ. ૩૦૦ તથા સિગારેટ, તમાકુ અને બિસ્કીટ સહિતનો પડેલો માલસામાનની ચોરી કરીને તસ્કરો ભાગી ગયા હતા. જો કે આ અંગે પણ ગલ્લાધારકે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવી નથી.

સે. ૨૬માં રહેતી યુવતીનો પંખે દુપટ્ટો બાંધી આપઘાત

પરિવારજનો ઘરકામમાં વ્યસ્ત હતા ત્યારે પોતાના રૂમમાં જઈ ભરેલુ અંતિમ પગલુ : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષિય યુવતીએ ગઈકાલે રાતના સુમારે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. યુવતીએ કરેલા આપઘાત પાછળનું કારણ હજુ અકબંધ છે. સે. ૨૧ પોલીસને આ અંગે જાણ થતા બનાવસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરનાં સેક્ટર-૨૬ ગ્રીનસીટી વિસ્તારમાં પ્લોટ નં. ૨૦૬ ખાતે રહેતી જીનલ કનુસિંહ ડાભી ઉં.વ. ૨૦ એ ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યા બાદ ગૃહકાર્ય સંભાળતી હતી. ગઈકાલે તેણીના પરીવારજનો ઘરકામમાં વ્યસ્ત હતા તે દરમ્યાન રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં જીનલ તેણીના રૂમમાં ગઈ અને દરવાજો આડો કરીને પંખે દુપટ્ટો બાંધી કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધું હતું. પરિવારજનોને આ અંગે જાણ થતા સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસને આપઘાત સંદર્ભે જાણ કરાતાં સે. ૨૧ પોલીસ મદદકર્તા પી.એસ.આઈ. આર.આર. રાઠવા તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. યુવતીનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું કારણ બહાર આવ્યું નથી.

પેન્શનર્સ મંડળની સરકારને રજૂઆત : વર્ષોથી અટવાયેલા પાંચ પ્રશ્નોનું સમાધાન આપો!

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના અગ્રણીઓ દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છે કે છેલ્લા કેટલાય વર્ષોથી અટવાયેલા પાંચ પ્રશ્નોનું તાત્કાલિક સમાધાન આપો અને અન્ય રાજયોની જેમ પેન્શનર્સને સહકાર આપો...!!!

રાજય સરકાર દ્વારા કર્મચારીઓના પ્રશ્નો નિયત સમયે સાંભળવામાં આવે છે અને તેના સમાધાન માટે જરુરી પગલા લેવાય છે. કર્મચારીઓની સાથે સાથે પેન્શનર્સના પ્રશ્નો પણ રાજય સરકાર સત્વરે ઉકેલે તેવી સૌ ઈચ્છા વ્યકત કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી પેન્શનર સમાજે પોતાના પાંચ પ્રશ્નો સરકાર સમક્ષ મૂકયા છે. જેમાં એક તો છે પાંચમા હપ્તાનો, બીજો છે અપરિણીત પુત્રીને આજીવન પેન્શન આપવાનો, ત્રીજો છે ૫૦ ટકા એસ.ટી. બસમાં રાહત આપવાનો, ચોથો છે પેન્શનરના મૃત્યુ સમયે તે માસનું પુરું પેન્શન આપવાનો અને પાંચમો પ્રશ્ન છે કુટુંબ પેન્શનરને અંત્યેષ્ટીની રકમ આપવાનો.

સરકાર દ્વારા પેન્શનરના આ પ્રશ્નોને યોગ્ય ન્યાય આપવામાં આવે અને તેના પરિણામ સ્વરૂપ સૌને તેનો સત્વરે લાભ મળી શકે તેવા નિર્ણયો લેવાય તેવું સૌ ઈચ્છી રહ્યા છે. અને અન્ય રાજયોની સરખામણીમાં પેન્શનરને યોગ્ય મળતર મળી રહે તેવી અપીલ કરી રહ્યા છે. બીજા રાજયોમાં આ બધા લાભ તો મળે જ છે સાથે સાથે પ્લોટ, એચ.આર.એ. જેવી અનેક સુવિધાઓ પણ અપાઈ રહી છે તો ગુજરાતના પેન્શનર્સને જ કેમ વંચિત રખાય છે...!!!

આધારકાર્ડ ઝડપથી મળે તેવી વ્યવસ્થા કરવા માંગ

વેરીફાયરની જગ્યા વધારીને જગ્યા તાત્કાલિક ભરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના અને તાલુકાના દરેક ગામડા-શહેરમાંથી આધાર કાર્ડ માટે નાગરિકો કલેક્ટર કચેરી, ગાંધીનગરમાં આવે છે. આધાર કાર્ડ દરેક કામગીરીમાં ફરજિયાત બનાવાયું હોવાથી નાગરિકો તે મેળવવા સતત પ્રયત્નશીલ રહે છે પરંતુ કલેક્ટર કચેરીએ આધારકાર્ડ બનાવાનું હોવાથી અને આ કામગીરીમાં લાંબો સમય થતો હોવાથી નાગરિકો ઝડપથી આધારકાર્ડ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા અનુરોધ કરી રહ્યા છે.

સરકાર દ્વારા મળતી સબસીડી માટે આધારકાર્ડ જરૂરી બન્યું છે. સામાન્ય ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગના લોકોને આધાર કાર્ડ મેળવવા ઘણી હાડમારી ભોગવવી પડે છે. ચૂંટણીકાર્ડ, રેસીડન્સ પ્રૂફ, ફોટો, ફિંગર પ્રિન્ટ વગેરે આધારકાર્ડ મેળવવા માટે લેવાય છે ત્યારે કેટલાક લોકો નિયત સ્થળની જાણકારી ન હોવાથી તથા જરૂરી ડોક્યુમેન્ટ ન લાવ્યા હોવાથી ઘણા જ હાડમારી ભોગવે છે.

સામાન્ય નાગરિકોને આવી હાડમારી ન થાય તે માટે તંત્રએ આધારકાર્ડ માટેના અલગ અલગ કેમ્પ કરવા જોઈએ. અને બે મહિને મળતુ આધારકાર્ડ જેમ બને તેમ વહેલુ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આધારકાર્ડ માટે વેરીફાયરની જગ્યાઓ વધારવી જોઈએ અને તેની લાયકાતમાં જરૂરી ફેરફાર કરી સત્વરે તેની ભરતી કરવી જોઈએ તથા આધારકાર્ડ માટે આવતા નાગરિકોને અગવડ ન પડે અને જરૂરી માહિતી મળી શકે તે માટે અલગ અલગ જગ્યાએ કેમ્પ કરવા જોઈએ.

સી.ટી.એમ. પાસેના ગાયત્રી મંદિરમાં મહિલાનું પર્સ ચોરાયું

અમદાવાદ,તા. ૧૦

અમદાવાદ શહેરમાં તસ્કરોનો ત્રાસ એટલો વધી ગયો છે કે મંદિર તેમજ મંદિરમાં આવતા દર્શનાર્થીઓને પણ તે છોડતા નથી. અમદાવાદના સીટીએમનાં ગાયત્રી મંદિરમાંથી ચોરી થઇ હોવાની ફરિયાદ રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. મંદિરમાં દર્શન કરવા ગયેલી મહિલાનું પર્સ મહિલા દર્શન કરી રહી હતી ત્યારે કોઇ અજાણ્યો શખ્સ પર્સ લઇ નાસી ગયો હતો.

સીટીએમ પાસે આવેલા ગાયત્રીમંદિરમાં ગઇકાલે કમલેશભાઇ પટેલ તેમની પત્ની સાથે મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારે તેમની પત્નીએ દર્શન કરતા પર્સ બાજુમાં મૂક્યું હતું. ત્યાં કોઇ અજાણ્યા શખ્સ પર્સ લઇ પલાયન થઇ ગયો હતો. પર્સમાં સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન, રોકડ મળી કુલ ૯૪૦૦૦ રૂપિયાની મતા હતી. આ અંગે રામોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગજાનન સેવા સમિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ શાળાઓ આવરી લીધી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર સેવાભાવી સંસ્થાઓ અને પ્રવૃત્તિઓનું ધામ બની ગયું છે. નગરની શ્રી ગજાનન સેવા સમિતિ છેલ્લા ઘણા વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિઓ કરી સમાજમાં સૌને ઉપયોગી બનવા પ્રયત્ન કરી રહી છે ત્યારે આ વર્ષે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગજાનન સેવા સમિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ કરી ૧૫૦ શાળાઓને આવરી લીધી હતી.

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગજાનન સેવા સમિતિએ ૧૫૦ શાળાઓને આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં આવરી લેવાનો સંકલ્પ કર્યો હતો. બ્લોક આરોગ્ય અધિકારી સાથે મળી ચાખલી, ડાંગ, દાંતા, વિજયનગર, ભિલોડા તાલુકાની ૧૫૦ શાળાઓમાં ગજાનન સેવા સમિતિ દ્વારા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો હતો. ખામી યુકત બાળકોના સંદર્ભ કાર્ડ કરી ત્યાંના આરોગ્ય કર્મચારીને સુપ્રત કરાયા હતા. બાળકોને ચોપડા, બોલપેન, પેન્સિલ, દફતર વગેરેનું વિતરણ પણ કરાયું હતું. રમત ગમત તથા યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના સહયોગથી ગાંધીનગરના ડૉ. ચિતણીયા, ડૉ. સુવિણાબેન, ડૉ. બોધાણી, ડૉ. તટુ, ડૉ. નટુભાઈ ત્રિવેદી, ડૉ. અતુલ પંડયા વગેરેએ સેવા આપી હતી. કુલ ૧૬૦૧૨ બાળકોની તપાસ કરી દવા આપવામાં આવી હતી. ૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સમગ્ર કાર્ય થયું હતું. પ્રત્યેક શાળાના બાળકોને દવા સાથે સારવાર મળતા શિક્ષકોએ સંતોષ વ્યકત કર્યો હતો. સમિતિના મિલિન્દ ગુપ્તે, મોરે વિલેપ, ગોપાલભાઈ આચાર્ય સમગ્ર કાર્યક્રમમાં સતત સાથે રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિને મેડ્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલા સંસ્થાન સંસ્કૃતિ તથા ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને વિદેશ મંત્રાલયના ઈન્ડિયન કાઉન્સીલ ફોર કલ્ચરલ રીલેશન અમદાવાદના સંયુક્ત ઉપકમે એકાંકી નાટકોનો વિનર્સ શૉ રાત્રે ૯.૧૫ કલાકે.

ધાર્મિક

- શ્રી મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ અને રાધાકૃષ્ણ મંડળ સેકટર-૩ના સંયુક્ત ઉપકમે સેકટર-૩/ડી માં આવેલ સાંઈબાબા મંદિર ખાતે આનંદનો ગરબાનું આયોજન બપોરે ૨.૦૦ કલાકે.

આપની આજ

મેષ : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપાર માં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. કનુભાઈ સોમાભાઈ મોદી (ઉ.વ. ૬૪)પ્લોટ નં. ૭૯૨/બી, પંચશીલ પાર્ક, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. જીનલબેન કનુજી ડાભી (ઉ.વ. ૨૦)પ્લોટ નં. ૨૦૬/એન, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન રણછોડભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૦) મુ.પો. પીંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચમનજી વિસાજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.